શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન • જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૩૬ • સળંગ અંક : ૧૪૧ • તા.૨૦ ફેબ્રુઆરી થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## સમસ્ત મહાજનની

# દિવ્યાંગ પાલક યોજનાને




## અભૂતપૂર્વ પ્રતિસાદ



KDO દિવ્યાંગ



SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# હક્ક અને ફરજ એક સિક્કાની બે બાજુ

જે પરિવારમાં આપણું અવતરણ થયું છે ત્યાંથી કુદરતે આપણને સ્થાનના, જ્ઞાતિના હક્ક આપ્યાં અને ફરજ પણ. આપણો હક છે આપણા માતાપિતાનો લાડનો લ્હાવો લેવું. ભાઈ-બહેનોના પ્રેમ હેતને સાથ, મિત્રોની સાથે મનભરી મોજ માણવાનો હક એ બધું જાણે ઈશ્વર દત આર્શિવાદ છે. કોઈ ચિંતા કે ફિકર વિના, કે અન્ય કોઈ ઔપચારિકતાની જરૂરિયાત વિના આ હક્કનો વૈભવ આપણે જીવનભર ભોગવતા રહીએ છીએ. હક્ક એટલે બીજા અર્થમાં અધિકાર. જે આપણું છે, આપણને મળવા પાત્ર છે. આ અધિકારનું જતન દેશનું બંધારણ પણ કરે છે. સબળ સશક્ત નબળા વર્ગને કચડી ન નાખે, અશક્ત પર કોઈ છવાઈ ન જાય એટલે સમાજના જતન માટે કાયદોને ન્યાયની સુચારૂ વ્યવસ્થા કરી છે.

હક્કના વિરૂદ્ધ બાજુ એટલે ફરજ. આ એક સિક્કાની બે બાજુ છે. જેટલી મજબૂતીથી હક્કની માંગ કરીએ છીએ એટલા અધિકારપૂર્વક ફરજ પણ નિભાવવાની જરૂર હોય છે તેમાં ચૂક થવી ન જોઈએ. હક્ક અધિકાર પૂર્વક માંગી ફરજ માટે આનાકાની કરનાર, ફરજ અદા કરવા ગલ્લાં તલ્લાં કરનાર વ્યક્તિની નિયત સાફ નથી હોતી. ગમતું મળ્યાં જ કરે એવી ઈચ્છા દરેકની હોય છે. પણ વાસ્તવિકતા જોવી જોઈએ અને એ હિસાબે વ્યવહારની રૂઢિ અપનાવવી જોઈએ. ઘર કે કુટુંબમાં કે વ્યવસાય કે વ્યાપારમાં બધા સંબંધો હક્કની મર્યાદાની સીમા રેખાથી બંધિત છે. દરેકે એ સમજવું જરૂરી છે કે જ્યારે કોઈના હક્ક પર અન્યાયી રીતે આપણે બેફિઝુલ તરાપ મારીએ છીએ ત્યારે સંબંધોની બાજી બગડવાની શરૂઆત થાય છે.

અણગમતી પદ્ધતિ આચરી કોઈના હક્ક પર કબજો કરવાની વૃત્તિ માનવીય સંસ્કારને લાગતો લૂણો છે. અન્યાયી પદ્ધતિ અપનાવી કોઈના હક્કને ડૂબાડવું એ અમાનવીય વ્યવહાર છે. સારા સારનો વિવેક ભૂલી હદ પાર કરી કોઈનો હક્કને ડૂબે નહીં એ પ્રત્યે જાગૃતતા રાખવી જોઈએ. મારૂ એકલાનું અને તારૂં મારૂં સહિયારૂં એવી વૃતિ કોઈ પણ સંબંધને કાલિમા લગાવે છે.

હક્કને માંગતા પહેલાં આપણી ફરજ ભૂલવી ન જોઈએ. કારણ કે ફરજ પરથી આપણને એક દિવસે શિખરે બેસાડે છે. કારણ કે હક્ક માંગવું એ સ્વાર્થ છે જ્યારે ફરજ પ્રત્યે સમર્પિત થવું એ સ્વાર્પણ છે. હક્કની માંગ એકનું કલ્યાણ થશે પણ ફરજ અદા કરવાથી અનેકનું ઉત્કર્ષ થશે. સારા સારનો વિવેક ભૂલી હદ પાર કરીને પોતાનું જ માત્ર સ્વાર્થ જોવું એ અન્યના હક્ક પરની તરાપ છે એ ભૂલવું ન જોઈએ. આપણું જીવન કર્મ મય છે. સતત કંઈને કંઈ કરતા જ રહેવાથી શુભ હેતુને લીધે સર્જનાત્મક પ્રવૃત્તિ સર્જાય છે. નહિં તો ખંડનાત્મક પ્રવૃત્તિઓ જન્મે છે. હક્ક અને ફરજના અધિકાર જાણવા પણ જોઈએ અને માણવા પણ જોઈએ. હક્ક પ્રત્યે જાગૃતિ રાખવી અને ફરજ માટે તત્પરતા ધરાવવી પ્રત્યેકનું કર્તવ્ય છે.

– જ્ઞાતિમૈયા

# નારી તું ના હારી

સંસારનો વ્યવહાર વર્ષો વર્ષથી પુરૂષ પ્રધાન રહ્યું છે. વ્યવહારનો દોર પુરૂષના હાથમાં રહે છે. સ્ત્રી માત્ર ઘરની અંદર જ પોતાની રીતે ધાર્યું કરી શકે. આ નિયમ કે ધારો હવે ઘસાઈ રહ્યો છે. જેના કારણમાં સ્ત્રી શિક્ષિત થઈ પોતાના હક અધિકાર વિષે જાગૃત થઈ છે. તે કેળવણી તાલીમ પામી સજાગ થઈ છે. આજની પુરૂષના એકાધિકારને સ્વીકારી શકતી નથી. વ્યવહારની બાબાતમાં પોતાનો મત પણ માંડી શકે એવી સમર્થ થઈ છે એ તેણે પૂરવાર કર્યું છે. રોજગારના કોઈ પણ ક્ષેત્રમાં તેણે કાબેલિયત બતાવી છે તેનો ઈન્કાર થઈ શકે નહીં. આજની સ્ત્રી અબળા નથી. સમર્થ છે, કાબેલ છે.

આજે દરેક ક્ષેત્રમાં મહિલાઓનો નોંધપાત્ર ફાળો રહ્યો છે અને સમય જતાં દિવસો દિવસ એ વધી રહ્યો છે. સ્ત્રીઓને અગાઉ ઘણા અપમાન સહેવા પડ્યા છે, અવહેલના ભોગવી પડી છે, અત્યાચારને અન્યાય ભોગવ્યા પડ્યા છે. તે છતાં તેણે ક્યારે બળવો, બંડ કે વિદ્રોહ કર્યો નથી. આટલી ઊંડી સમજણ તેણે ધરાવી છે. પુરૂષ જાત પ્રત્યે સદૈવ સમજણથી, સમાધાનથી ચાલી, જીવી છે. હવે સમયનું પરિવર્તન છે અને સ્ત્રી સજાગ થઈ છે, સાવધ થઈ છે જે સારું છે.

જ્ઞાનીઓ કહે છે કે પુરૂષ દીવાલો ચણાવી મકાન ચણાવી શકે પણ સ્ત્રીએ દીવાલોને ઘર બનાવી તેને જીવંત, ધબકતું અને જાગતું રાખી શકે છે. આ તાકાત માત્ર સ્ત્રી પાસે છે. આ શક્તિ સામર્થ્ય માત્ર સ્ત્રી ધરાવે છે. પુરૂષની કમાણી વધુ હોય કે ઓછી સ્ત્રી પોતાની કાબેલિયતના બળે એમાં પરિવારની પરવરિશ કરી શકે છે. એટલું જ નહીં એમાંથી થોડું ઘણું ભવિષ્ય માટે બચાવી લેવાની પણ ત્રેવડ ધરાવે છે. ફૂલથી કોમળ સ્ત્રી છે તો એ જ સ્ત્રી સંકટ કાળમાં વીરાંગના બની સૌને પડકારવા માટે સક્ષમ છે.

સંસ્કૃતમાં સ્ત્રીના છ ગુણોની કાર્ય પ્રતિભા દ્વારા તેને બિરદાવાઈ છે. ગૃહકામમાં દાસી, વ્યવહાર કાર્યમાં મંત્રી, ભોજન કરાવતી માતા, રતિ ક્રિયા સમેય રંભા, ધર્મ આચરણમાં સહભાગી સંગિની અને ક્ષમા કરવા માટે સક્ષમતા ધરાવતી દેવી પૃથ્વી જેવી મક્કમ અને ઉદાર સ્ત્રી એક પુરૂષને પુરૂષોત્તમ બનાવી શકે તેવા સદ્‌ગુણ ધરાવે છે. માટે જ એવી દેવી તુલ્ય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


## બેંક એકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનની દિવ્યાંગ પાલક યોજનાને અભૂતપૂર્વ પ્રતિસાદ

# TAKING FROM MARGINS TO THE MAINSTREAM





During the past couple of years, Shree Samast KDO Jain Mahajan, under the guidance of Secretary General Nishithbhai Dand, initiated various projects and schemes for KDOs, aimed at the betterment of our community. The Divyang committee too did their bit for our KDO Divyangs. We set out with the aim to understand and try to fulfill the various needs including their health, happiness, security and financial needs .

In addition to organising talks, get togethers and providing mobility aids, we introduced The Divyang Patron and DivyangPaalak schemes for extending financial aid to some of our Divyangs . We identified the needy Divyangs and started disbursing ₹ 4000/- each to 13 Divyangs for 1 year, thanks to the kind donations received from our Gnatijans. Last year has been hard hitting for all and especially for some of our Divyangs. Hence, the donation received through the Divyang Committee has been a good support for them. We thank each and every donor with folded hands and from the bottom of our hearts for contributing towards this noble cause. Many have contributed while celebrating some momentous occasions like birthdays and anniversaries while others in the memory of departed family members. Though we have been getting donations time and again, the need is always there to add to and continue this project. We urge our gnatijans to come forward and help us do the good work. We shall strive to do our best to bring about a definite positive change and we thank you all for giving us the opportunity to take small but steady steps in this direction.

**On behalf of The Divyang Committee**
**Shilpa Ajani ( Hon. Secretary)**





## સમસ્ત મહાજનની દિવ્યાંગ પાલક યોજનાને અભૂતપૂર્વ પ્રતિસાદ

# THEY HAVE CHOSEN NOT TO PLACE 'DIS' IN THEIR ABILITY

Since last year, because of the lockdown and the pandemic situation, we had to postpone a few of our outlined projects but our active Divyangs have spent their time engaging themselves in some or the other constructive activities. Please go through a few of their videos via the links published here .



**Bharti Chheda**

વિડીયો જોવા અહીં ક્લીક કરો

CLICK HERE



**Sachi Shah**

વિડીયો જોવા અહીં ક્લીક કરો

CLICK HERE



**Kavita Khona**

વિડીયો જોવા અહીં ક્લીક કરો

CLICK HERE



**Divya Poladia**

વિડીયો જોવા અહીં ક્લીક કરો

CLICK HERE



**Nina Lodaya**

વિડીયો જોવા અહીં ક્લીક કરો

CLICK HERE




**Archita Shah**

વિડીયો જોવા અહીં ક્લીક કરો

CLICK HERE

KDO

કુંડીયો દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## "આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર ક્હેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.



## માતુશ્રી તારાબાઈ લહેરચંદ નાગડા પરિવાર તરફ થી

## સૌ. પ્રજ્ઞા લીનેષ નાગડા ની

### લગ્નની 25મી સાલગીરા અવસરે

કચ્છ, નલિયા - ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ

# દિવ્યાંગ શક્તિ Rs. 25,000

## હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના

# પાલીતાણા તીર્થે નરશી નાથા ભવન સ્થિત દેરાસરનો ૧૫૪મો વાર્ષિક ધ્વજા મહોત્સવ યોજાયો






પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની પાવન સભર નિશ્રામાં અને ચતુર્વિધ સંઘની ભવ્યપૂર્ણ ઉપસ્થિતિમાં મહાતીર્થ પાલીતાણાના નરશી નાથા ભવન સ્થિત દેરાસરની ૧૫૪મી ધ્વજારોહણ મહોત્સવ ભવ્ય ઉજવણી સાથે યોજાયો. વિવિધ ધર્મ આરાધનાઓ અને ભક્તિ ભાવના સાથે શ્રાવક શ્રાવિકાઓના ઉત્કૃષ્ટ સહભાગથી મહોત્સવ દીપી ઉઠ્યો હતો.

# કચ્છ લાલા નગરે શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ જિનાલયની સાલગિરાહ નિમિત્તે ૧૧૪ મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો




કચ્છ પ્રાંતના અબડાસા તાલુકા પ્રદેશના લાલા નગરે શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલયની સાલગિરાહ અવસરે ૧૧૪મો ધ્વજા મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું. હર્ષોલ્લાસપૂર્વક સંઘના શ્રાવક શ્રાવિકો સહભાગ લીધો અને ધર્મ લાભ પામી ધન્ય ધન્ય થયા હતા.

# માટુંગા નગરે શ્રી સહસ્ત્રફણા દાદાની ૭૨મી ધ્વજા નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ યોજાયો







માટુંગા નગરે માટુંગાના પ્યારા શ્રી સહસ્ત્રફણા દાદાની ૭૨મી ધ્વજા નિમિત્તે તા. ૧૪ ફેબ્રુઆરી રવિવારથી તા. ૧૬ ફેબ્રુઆરી મંગળવાર સુધી ત્રિહાનિકા મહોત્સવ પ.પૂ. સાધ્વીશ્રી અનંત કિરણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની નિશ્રામાં વિધિકાર નિખિલભાઈ હરિયા અને સંગીતકાર ભારતીબેન સાવલાના સંગાથે રંગ આનંદના માહોલ સંગે ધામધૂમથી ઉજવાયો.

# નાલાસોપારા (ઈસ્ટ) સંઘમાં ધ્વજા મહોત્સવે ધર્મ આરાધનાઓ કરાઈ





તા. ૧૬ ફેબ્રુઆરી મંગળવાર દિને શુકનવંત પર્વ વસંત પંચમી દિને નાલાસોપારા ઈસ્ટના મારૂ ભવન અચલગચ્છ જૈન સંઘમાં અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ચતુર્વિધ સંઘની હાજરીમાં સંપન્ન થયો. આ અવસરે ભાવપૂર્વક ભક્તિ સાથે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ.

# વેરાવળથી મુંબઈના બાંદ્રાની સીધી ટ્રેન ૨૩ ફેબ્રુઆરીથી દરરોજ દોડતી થશે

જગવિખ્યાત સોમનાથ ભૂમિને લાંબા અંતરથી જોડતી પ્રથમ ટ્રેનની ફાળવણી થઇ છે. વેરાવળ - બાંદ્રા (મુંબઈ) સ્પેશિયલ ટ્રેન આગામી ૨૩મી ફેબ્રુઆરીથી દોડતી થશે. આ સમાચારને લઇ સૌરાષ્ટ્રવાસીઓમાં ખુશીની લહેર પ્રસરી છે.

રેલવેમાંથી મળેલી માહિતી મુજબ તા.૨૩ ફેબ્રુઆરીએ ટ્રેન નં.૯૨૧૮ બપોરે ૧૧:૫૦ વેરાવળથી ઉપડી બીજા દિવસે સવારે ૫:૪૫ વાગ્યે બાંદ્રા (મુંબઈ) પહોંચશે. જ્યારે તા.૨૪ ના રોજ ટ્રેન નં.૯૨૧૭ બપોરે ૧:૪૦ બાંદ્રા (મુંબઈ)થી ઉપડી બીજા દિવસે સવારે ૭:૨૦ વેરાવળ પહોંચશે. આ બાંદ્રા - વેરાવળ - બાંદ્રા સ્પેશિયલ ટ્રેન ઉપરોક્ત ટાઇમ મુજબ જ બંન્ને સ્ટેશનોથી દરરોજ દોડશે. આ સ્પેશિયલ ટ્રેન વેરાવળથી ઉપડી જૂનાગઢ, જેતલસર, ગોંડલ, ભક્તિનગર, રાજકોટ, વાંકાનેર, થાન, મુળી રોડ, સુરેન્દ્રનગર, લખતર, વિરમગામ, અમદાવાદ, મણીનગર, મહેમદાવાદ, ખેડા રોડ, નડીયાદ, આણંદ, વડોદરા, પાલેજ, ભરૂચ, અંકલેશ્વર, કોસંબા, સુરત, નવસારી, બિલીમોરા, વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વિરાર, બોરીવલી, અંધેરી સહિતના સ્ટેશનો પર સ્ટોપો કરી બાંદ્રા (મુંબઇ) પહોંચશે.

નારી શક્તિ

KDO Swaroj

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# ONE STEP TOWARDS AATMANIRBHAR KDO NARI

Samast Mahajan KDO Swaroj Team & Samast Mahajan KDO Women Empowerment Committee are pleased to announce support of Sewing Machines to Women aspiring to be Aatmanirbhar!

THANK YOU FOR ALL THE SUPPORT AS DONERS-

**HEMABEN G CHHEDA & JAYSHRI K DAND**





**Highly Needy KDO family can apply for Sewing Machine || Application to be made to KDO SWAROJ TEAM**

**Contact: Ms Sheetal Dhulla @ 9099041414 / Mr Manish Bhai @ 7506070851**

☆ Nishit Dand || Adv. Minal B Khona || Viraj Dhulla || Khyati Dharamshi || Divya Momaya || Mahima Dand ☆

# નલિયા તીર્થના શ્રી ચંદ્રપ્રભ જિનાલયની ૧૮૦મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો

મહામાસની પંચમ તિથિને વસંત પંચમી પર્વ દિને એટલે કે તા. ૧૬ ફેબ્રુઆરી મંગળવાર રોજ ઐતિહાસિક તીર્થ નલિયાના શ્રી ચંદ્રપ્રભ જિનાલયની ૧૮૦મી વર્ષગાંઠ પ્રસંગે ધ્વજા મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો.

આ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ હતી. જેના પ્રભાવે ધર્મ ભક્તિનો અદ્ભૂત અવર્ણનીય માહોલ જામયો હતો.





# ટિટવાલા મધ્યે વસંત પંચમી અવસરે સરસ્વતી આરાધના કરાઈ





તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૦ મંગળવારે વસંત પંચમીના પવિત્ર દિને નવલ પ્રભાતએ ટિટવાલા ખાતે પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને પ.પૂ. યુવા મુનિશ્રી ગુણવલ્લસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવન સભર નિશ્રામાં શાનદાર રીતે માતા સરસ્વતી આરાધનાનું આયોજન કરાયું હતું.

# નૂતન દિક્ષિત માર્ગ દર્શિતાશ્રીજી મ.સા.ના સંયમ જીવનનું પ્રથમ પૂર્ણના સાથે દ્વિતીય વર્ષમાં પ્રવેશ

દીક્ષા તિથી મહાસુદ ૮ વિક્રમ સંવત ૨૦૭૫ના સી.એ.ની ડિગ્રી મેળવી સારી પ્રેક્ટિસનો ત્યાગ કરી મુમુક્ષુ મોનિકાબેન માવિત્ર પ્રભાબેન મહેન્દ્ર પાનાચંદ લોડાયા, તેરા-રાયપુર પ.પૂ.સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ને ગુરૂપદે ચાલીસગામ ખાતે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. હાથે દીક્ષા સ્વીકારી સંયમ જીવન સ્વીકારી નૂતન દિક્ષિત શ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા.થયા તેને એક વર્ષ પૂર્ણ થઈ બીજા વર્ષમાં પ્રવેશ કર્યા.



# નલિયા મધ્યે શ્રી લધાભાઈ ખિયરાજ આયુર્વેદિક સાર્વજનિક ઔષધાલયનું નવસર્જન કરાઈ ઉદ્‌ઘાટન કરાયું






તા. ૧૬ ફેબ્રુઆરી મંગળવારને વસંત પંચમીના પાવન પર્વના અવસરે નલિયામાં શ્રી લધાભાઈ ખિંયરાજ આયુર્વેદિક ઔષધાલયનું જીર્ણોધ્ધાર પછી નવસર્જન કરાયું. તેનું શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનના ટ્રસ્ટીઓ તેમજ જ્ઞાતિના ગણ માન્ય અતિથિઓની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરાયું.

# બંદરીય શહેર માંડવીના શ્રી અજિતનાથ જિનાલયનો ધ્વજા મહોત્સવ રંગેચંગે યોજાયો





કચ્છ પ્રદેશના રમણિય બંદર શહેર માંડવીના શ્રી અજિતનાથ જિનાલયનો ધ્વજા મહોત્સવ તા. ૧૬ ફેબ્રુઆરી મંગળવારના વસંત પંચમીના પાવન દિને રંગેચંગે સંપન્ન થયો.



વિવિધ ધર્મ લાભના ચડાતા ભાવે ચડાવા લેવાયા. જેમાં શ્રી મૂળનાયક ધ્વજાનો ધૃત આશાબેન ભરતભાઈ પારેખ નૈરોબી, શ્રી આદિશ્વરનાથની ધજાનો ધૃત આશાબેન ભરતભાઈ પારેખ, શ્રી શાંતિનાથ દાદાના ધજાનો ધૃત નવીનચંદ્ર ખીમજી મોરબિયા, શ્રીયક્ષ-યક્ષિણી દેવીના ધૃત હીરબાઈ પુનશી મૈશેરી, આરતી ઉતારવાનો ધૃત માતુશ્રી કસ્તુરભાઈ હીરાચંદ, મંગલ દીવાનો ધૃત હીરબાઈ પુનશી મૈશેરી, શાંતિ કળશનો ધૃત લતાબેન તિલકભાઈ ડાઘા, દીપક, ધૂપદાની, ચામર, ઘંટડી, દર્પણ, ઝાબર વિંઝણો એક સાથેના હીરબાઈ પુનશી મૈશેરી લાભાર્થી રહ્યાં હતા.

# ભુજ નગરે ગુરુ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવે નિશ્રા પ્રદાન કરવા માટે સંઘો દ્વારા વિનંતી કરાઈ





અજોડ શાસન પ્રભાવક સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ને ચાતુર્માસ માટે આગ્રહ ભરી વિનંતી કરવા સાથે ભુજ નગરે થોભશેરી સ્થિત દાદાસાહેબ પ.પૂ.આ.ભ.શ્રી કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા. ગુરૂમંદિર પ્રતિષ્ઠા મહોત્સવે નિશ્રા પ્રદાન વિનંતી કરવા શ્રી ભુજ અચલગચ્છ જૈન સંઘ, શ્રી વર્ધમાન નગર જૈન સંઘ, શ્રી વર્ધમાન નગર અચલગચ્છ જૈન સંઘના પદાધિકારીઓ, અગ્રણીઓ અને કાર્યકરો બસ લઈને પૂજ્યશ્રી પાસે પધાર્યા.

## સુજાપુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૫ ની પધરામણી





કચ્છ પ્રાંતના સુજાપુર ગામે તા. ૧૫ ફેબ્રુઆરી સોમવાર રોજે પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫ પધરામણી કરેલ અને મહારાજ સાહેબશ્રીનો ચાર દિવસ મુકામ કરેલ. તેમના દર્શન, વંદન અને વ્યાખ્યાનવાણીનો લાભ પામી સંઘના શ્રાવક શ્રાવિકાઓ ધન્ય ધન્ય થઈ ગયા હતા.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ
# શ્રી વરાડીયા ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન

## નોટીસ : વાર્ષિક સામાન્ય સભા

શ્રી વરાડીયા જૈન દેરાસર ટ્રસ્ટ/મહાજનની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૭ માર્ચ ૨૦૨૧ના બપોરે ૨.૩૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વે), મુંબઈ ૮ મધ્યે બોલાવવામાં આવેલ છે. વરાડીયા મહાજનના સર્વે સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

**એજન્ડા : કાર્યસૂચિ**

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનીટ્સનું વાંચન અને બહાલી.
(૨) ગત વાર્ષિક સામાન્ય સભાની તારીખથી અત્યાર સુધીની ટ્રસ્ટ/મહાજનની પ્રવૃત્તિઓનો અહેવાલ.
(૩) વર્ષ ૨૦૧૯-૨૦ ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રીપોર્ટની રજુઆત અને બહાલી.
(૪) વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઓડીટરની નિમણુંક.
(૫) વરાડીયામાં આ વરસે કોઈ સાધુ/સાધ્વીશ્રીનું ચાર્તુમાસ કરાવવા અંગે, જિનાલયની ૧૧૯ મી ધ્વજા અંગે તથા પર્યુષણ મહાપર્વની ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય.
(૬) દેરાસરના શિખરો સહીત ઉપરનાં ભાગમાં રંગરોગાન બાબત ચર્ચા -વિચારણા કરી યોગ્ય નિર્ણય.
(૭) પ્રમુખ સાહેબની મંજુરીથી અન્ય કાર્યવાહી

**નોંધ :** ૧) ઓડીટેડ હિસાબો તા. ૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ ના સાંજે ૪.૦ થી ૭.૦૦ દરમ્યાન મુંબઈ કાર્યાલય, C/o. દીપક ગંગાજર ડાઘા, એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલરાજેશ્વર મંદિર પાસે, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, મુલુંડ (વે), મુંબઈ ૮૦ ખાતે જોવા તપાસવા ખુલ્લા મુકવામાં આવશે.
૨) વાર્ષિક સભામાં હાજરી આપનારે કોવિડ -૧૯ ના સરકારી આદેશોનું પાલન કરવાનું રહેશે.
૩) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક પછી એ જ દિવસે ને એ જ સ્થળે મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે.
૪) એજન્ડાને લગતા / સિવાયના સવાલો / સૂચનો મીટીંગના દિવસથી પાંચ દિવસ અગાઉ લેખિતમાં મોકલી આપવા.
૫) સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ વતી**
**પદમ લાલજી લોડાયા (સેક્રેટરી)- મુંબઈ, તા. ૧૫.૦૨.૨૦૨૧**

## વરાડીયામાં ચાર્તુમાસની શક્યતા અંગે પૂર્વ તૈયારી

આ વરસે વરાડીયામાં સ્થાનિકો ઉપરાંત બહારગામથી ૨૫-૩૦ ભાવિકો ચાર મહિના માટે વરાડીયા રહેવા તૈયાર થાય તો જ કોઈ સાધુ/સાધ્વીશ્રીના ચાર્તુમાસ કરાવવા અંગે નિર્ણય લઈ શકાય. આ ભાવિકોને રહેવા માટે વરાડીયાવાસીઓ પોતાના રહેવા લાયક બંધ ઘર વાપરવા આપે એ પણ જરૂરી છે. બહારગામથી પધારનાર ભાવિકો માટે ચાર્તુમાસના સમય દરમ્યાન ભોજનની વ્યવસ્થા મહાજન/દાતાશ્રીઓ દ્વારા થઈ શકશે.

જે ભાવિકો સં. ૨૦૭૭ ને અષાઢ સુદ પુનમથી સ. ૨૦૭૮ ને કારતક સુદ પૂનમ સુધી ચાર મહિના માટે વરાડીયા રહેવા તૈયાર હોય તથા જેઓ પોતાના ઘર આ સમય માટે વપરાશ માટે આપવા તૈયાર હોય તેમણે ટ્રસ્ટીઓ

| | |
|---|---|
| પદમ લાલજી લોડાયા | 93228 27085 |
| રતિલાલ શામજી મોમાયા | 98191 97332 |
| નલિન રતનશી ડાઘા | 97691 11040 |

નો તા. ૨૫.૦૨.૨૦૨૧ સુધીમાં સપંર્ક સાધવો.

## શાંતિ કલ્યાણ નિધિ ફંડ :

સન ૨૦૧૭માં દેરાસરની ૧૧૫મી સાલગીરાના વરસે મહોત્સવ દરમ્યાન **શ્રી શાંતિનાથ દાદાની પધરામણી, દાદાશ્રી કલ્યાણ સાગર સુરીશ્વરજી મ. સા. ની નૂતન દેરીમાં પુનઃ પ્રતિષ્ઠા** તથા મુળ નાયક દાદાનો ક્રમાંક ૨૩ ના સુમેળ સાથે શાંતિ કલ્યાણ નિધિ ફંડની શરૂઆત થયેલ, જેમાં સન ૨૦૧૭ -૧૮ થી સન ૨૦૨૧-૨૨ વર્ષ દરમ્યાન પાંચ વરસ સુધી દર વરસે રૂા. ૨૩,૦૦૦/- પ્રમાણે રૂા. ૧,૧૫,૦૦૦/- દાન આપનાર પરિવારનું નામ દેરાસર સંકુલમાં તક્તી પર કાયમી ધોરણે અંકિત કરવામાં આવશે. અગાઉ ૧૭ નામ નોંધાયેલા છે. આ વરસે નવા પાંચ નામ આવ્યા છે.

૧. માતુશ્રી ગંગાબાઈ નરશી જેઠાભાઈ દંડ, મલકાપુર
૨. માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા, બેંગ્લોર - મુંબઈ
૩. સ્વ. અ. સૌ. ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી, હુબલી
૪. માતુશ્રી રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી
૫. સૌ. હીનાબેન તથા હેમંત માણેકજી નરશી લોડાયા (શાહ) ગુંદરવાલા, કેનેડા

આ યોજનામાં જોડાવવા માટે આપ સૌને અનુરોધ છે.

**૧૧૮મું ધ્વજારોહણ તથા પર્યુષણ પર્વ :** કોવીડ -૧૯ મહામારીને લીધે જિનાલયનો ૧૧૮ મો ધ્વજા મહોત્સવ તથા પર્યુષણ મહાપર્વની આરાધના સાદાઈથી થયેલા. ધ્વજા મહોત્સવને અનુલક્ષીને આની ફાળામાં ૨૦૫ પરિવારોએ ૨૭૨૮ આની લખાવી રૂા. ૩.૨૨ લાખ જમા કરાવ્યા. ધ્વજારોહણ નિમિત્તે માતુશ્રી નેણબાઈ મણશી કાનજી દંડ પરિવાર - ઘાટકોપર તરફથી મુળનાયકશ્રી માટે સુંદર વસ્ત્ર આંગી અર્પણ થયેલ.

# વારાપધર નગરે શ્રી આદિનાથજી જિનાલયની ૧૬૦મી ધ્વજા મહોત્સવનું ભવ્ય આયોજન

અબડાસા પ્રાંતની નૂતન પંચતીથીમાંના એક સુપ્રસિદ્ધ તીર્થ વારાપધ્ધર નગરે શ્રી આદિનાથજી જિનાલયની ૧૬૦મી ધ્વજા મહોત્સવ વિક્રમ સવંત ૨૦૭૭ મહા સુદી ૧૩ને બુધવાર તા. ૨૪ ફેબ્રુઆરીના સપરમા દિવસે અચલગચ્છ નાયક પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી આગમ અભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજી ભગવંતોના કૃપા આશીષથી વિધિકાર ચંદ્રકાંત દેઢિયા બિદડાના સથવારે યોજાયેલ છે. મહોત્સવના લાભાર્થી દાતા માતુશ્રી લક્ષ્મીબેન કસ્તુરચંદ ભેદા હ. હરીશભાઈ અને માતુશ્રી તારાબેન નવીનચંદ્ર છેડા હસ્તે જયેશભાઈ, અ.સૌ. વર્ષાબેન તથા જયેશભાઈ છેડાના ૩૦મા લગ્ન દિવસ નિમિત્તે છે.

જિનાલય ધ્વજા મહોત્સવનો પ્રવાસ કાર્યક્રમ મુજબ ૨૨ ફેબ્રુઆરી સોમવાર બપોરે ૨ કલાકે દાદરથી સયાજીનગરી એક્સપ્રેસ દ્વારા ભુજ તરફ પ્રયાસ ચૌવિહાર ટ્રેનમાં તા. ૨૩ ફેબ્રુઆરી મંગળવારે સવારે ૭ કલાકે ભુજ આગમન, તુફાન ટેક્સી દ્વારા વારાપધ્ધર તીર્થ તરફ પ્રયાણ, તીર્થે આગમન નવકારશી, સેવાપૂજા, ભોજનબાદ અઢાર અભિષેક, ચૌવિહાર, રાત્રી ભક્તિ ભાવના.

તા. ૨૪ ફેબ્રુઆરી બુધવારે નવકારશી સેવાપૂજા, સતરભેદી પૂજા અને જિનાલયના દાતા પરિવાર દ્વારા ધ્વજારોહણ, મધ્યાન ભોજન, વિશ્રામ, ચૌવિહાર, રાત્રિ ભક્તિ ભાવના તા. ૨૫ ફેબ્રુઆરી ગુરૂવાર નવકારશી, સેવાપૂજા, બહુમાન સમારંભ, મધ્યાન ભોજન, વિશ્રામ, ચૌવિહાર, ભુજ સ્ટેશનથી રાત્રે ૯ કલાકે કચ્છ એક્સપ્રેસ દ્વારા મુંબઈ તરફ પ્રયાણ તા. ૨૬ ફેબ્રુઆરી શુક્રવારે નવકારશી ટ્રેનમાં મુંબઈ આગમન, યાત્રા સમાપ્ત.

વર્તમાન કોરોના સમય કાળને ધ્યાનમાં રાખી સરકારી સૂચના મુજબ અને તેની ગાઈડ લાઈન મુજબ આ મહોત્સવ ઉજવવાનો રહેશે.

ગામવાસીઓ, સ્નેહીજનો, જ્ઞાતિજનો તેમજ નિયાણી બહેનોને સહપરિવાર વારાપધ્ધર નગરે પધારવાનું ભાવભર્યું આમંત્રણ. શ્રી વારાપધ્ધર ક.દ.ઓ. જૈન મહાજન અને વારાપધ્ધર જૈન યુવક મંડળ દ્વારા અપાયું છે.

---

# શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતામ્બર જૈન સંઘ આયોજિત સમૂહ વર્ષીતપ ઈક્ષુ રસ પારણા મહોત્સવ

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતામ્બર જૈન સંઘના ઉપક્રમે સંવત ૨૦૭૭ના વૈશાખ સુદ ત્રીજ અખત્રીજ શુક્રવાર તા.૧૪મે ૨૦૨૧ના રોજ અચલગચ્છીય વર્ષીતપ આરાધકોનું સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા મુંબઈ મધે યોજેલ છે.

અચલગચ્છનાયક, સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રીકલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં યોજાનારા ચતુર્વિધ સંઘના સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા મહોત્સવમાં જોડાવા અચગચ્છીય તપસ્વી આરાધકોને ભાવભર્યું આમંત્રણ શ્રી સમૂહ વર્ષીતપ પારણા સમિતિ વતી કન્વીનર હરખચંદ ખીમજી ગંગર દ્વારા અપાયું છે.

પારણા મહોત્સવમાં જોડાવા ઈચ્છુક આરાધકે નિયત ફોમમાં વિગત ભરી નીચે આપેલા એક સ્થળે આપવા.

૧) શ્રી સંઘ કાર્યાલય, ચીંચબંદર મુંબઈ ૨) શ્રી અનંતનાથ જિનાલય, કાથા બજાર, મુંબઈ ૩) શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય, ઘાટકોપર (પૂર્વ) ૪) શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ) ૫) શ્રી સુમતિનાથ જૈન દેરાસર, મુલુંડ (ઈસ્ટ) ૬) શ્રી સુવિધિનાથ જિનાલય, ડોંબિવલી (પૂર્વ) ૭) શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલય, વાશી, નવી મુંબઈ ૮) શ્રી મલ્લિનાથ જિનાલય, જોગેશ્વરી (પૂર્વ) ૯) શ્રી મુનિસુવ્રત જિનાલય, નાલાસોપારા (પૂર્વ) ૧૦) શ્રી સહસ્ત્રફણા જિનાલય, માટુંગા (ઈસ્ટ) સે.રે.

મહામારી કોવિડ-૧૯ની સરકારની માર્ગદર્શિકા અનુસાર આયોજન ગોઠવવાશે.

# UNLOCK YOUR BUSINESS

Under KDO B2B Platform

**To boost your business is only KDO B2B's motto**

## Get your Business Advertisement FREE in our weekly emagazine GYATIMAIYA at 1st come 1st basis

Advertisement for any of your business, gruh udhyog, profesional services, etc.

Home operate business also can be advertised




KDO BUSINESS

For further information please call 90990 41414 (Sheetal Dhulla)

# ડોંબિવલી સંઘના શ્રી મુનિ સુવ્રત સ્વામિ ચૌમુખજી જિનાલયમાં વર્ધમાન શક્રસ્તવ યોજાયા

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી સંચાલિત શ્રી મુનિ સુવ્રત સ્વામિ ચૌમુખજી જિનાલયમાં મુનિ સુવ્રત સ્વામિ તથા સંપ્રતિકાલિન પ્રાચીન જિનબિંબોના કચ્છ કેસરી રાષ્ટ્રસંત કલિકાલ કલ્પતરૂ સંઘ પ્રેરક પ.પૂ.આ.ભ.શ્રી. ગુણસાગરસૂરિશ્વર મ.સા.ની ૧૦૮મી જન્મતિથિ નિમિત્તે તા. ૧૪ ફેબ્રુઆરી રવિવાર દિને વર્ધમાન શક્રસ્તવનું આલંબન લઈ અભિષેક તથા પુષ્પ વધામણાનું અનુષ્ઠાન ભવ્યાતિભવ્ય ઉજવાયા.





# તપજ્યોતિ પ.પૂ.સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.ના શ્રી સર્વતો ભદ્રતપના પારણા

અચલગચ્છનાયક સંઘ કૌશલ્યાધાર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આશીર્વાદ એવમ માંગલિક પચ્ચક્ખાણથી ૪૪૧ દિવસનો તપ જેમાં ૩૯૨ ઉપવાસ અને ૪૯ પારણા આવે છે. એવો સર્વતો ભદ્રતપ તપજ્યોતિ પ.પૂ. સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. કરી રહ્યાં છે. જેમાં દેવગુરૂ એવં સમસ્ત વિશ્વના હિતમાં ૧૫૩ દિવસ તપમાં વધારો કરી હવે ૪૪૧ વતા ૧૫૩ મળી કુલ્લ ૫૯૪ દિવસના સુદીર્ઘ તપ સુખશાતાથી આગળ વધી રહ્યાં છે.

પૂજ્ય ગુરૂવર્યાશ્રીજીના પારણા આયોજન અચલગચ્છનાયક શ્રીની આજ્ઞાથી વૈશાખ સુદ તેરસ રવિવાર તા.૨૩મે ના દિવસે રાજસ્થાનના બાડમેર સંઘમાં નિર્ધારિત થયા છે.

# તેરા તીર્થ ધ્વજા મહોત્સવમાં પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા યોજાઈ

કચ્છ પ્રાંતના અબડાસા પ્રદેશના તેરા તીર્થે શ્રી જીરાવલ્લા દાદાની ૧૬૩મી અને શ્રી શામળિયા દાદાની ૨૦૦મી ધ્વજા પ્રસંગે પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદી ઠાણા ૪ તથા પ.પૂ.સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં તા.૧૪ ફેબ્રુઆરી રવિવારના પ્રથમ દિવસે બપોરના પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા યોજાઈ. આ પ્રસંગે સાહેબશ્રીએ સુમધૂર કંઠે ભાવવાહી ગીત રજૂ કર્યું હતું.



# ઐતિહાસિક તેરા તીર્થે જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે રંગેચંગે ત્રિહાનિકા મહોત્સવ ઉજવાયો





કચ્છની જૈન મોટી પંચતીર્થીના ઐતિહાસિક તીર્થે તેરાના મુળનાયક શ્રી શામળીયા પાર્શ્વપ્રભુ જિનાલયની ૨૦૦મી અને શ્રી જીરાવલ્લા પાર્શ્વપ્રભુની ૧૬૩મી વર્ષગાંઠ નિમિત્તે મહાસુદ ૩ થી મહાસુદ ૫ એટલે કે તા.૧૪ ફેબ્રુઆરી રવિવારથી તા.૧૬ ફેબ્રુઆરી મંગળવાર સુધી ત્રિહાનિકા મહોત્સવની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરાઈ. આ અવસરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા., વર્તમાન ગચ્છનાયક પ.પૂ. આ.ભ.કલાપ્રભસાગરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિઠાણા, પ.પૂ.સાધ્વીશ્રી વીરગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની પાવનસભર નિશ્રા રહી હતી.

મુખ્ય ધ્વજાના લાભાર્થીઓમાં (૧) મૂળનાયક જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાન જિનાલય મુખ્ય શિખર સાથે સાત ધ્વજા ચડાવવાનું લાભ માતુશ્રી મધુરીબેન કુલીનકાંત નાગડા તેરા નાંદેડ (૨) મૂળનાયક શ્રી શામળીયા પાર્શ્વનાથ ભગવાન જિનાલય મુખ્ય શિખર સાથે ત્રણ ધ્વજા ચડાવવાનું અ.સૌ. જયાબેન ધનપાલ દંડ, અ.સૌ.તોરલબેન કુમારભાઈ દંડ (૩) સહસ્ત્ર કુટ જિન મંદિર જિનાલય મુખ્ય શિખરએ ધ્વજા ચડાવવાનો લાભ શ્રી ગોંવિંદજી આણંદજી નાગડા તેરા-નાંદેડ હસ્તે જનકભાઈ જયંતિભાઈ નાગડા.

અઢાર અભિષેકના ભાગ્યશાળીઓ (૧) મૂળનાયક જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાન સાથે કુલ પાંચ પ્રતિમા : માતુશ્રી મધુરીબેન કુલીનકાંત નાગડા તેરા નાંદેડ (૨) મૂળનાયક શ્રી શામળીયા પાર્શ્વનાથ ભગવાન ભગવાન સાથે કુલ પાંચ પ્રતિમા : શ્રી ગોંવિંદજી આણંદજી નાગડા તેરા-નાંદેડ હસ્તે જનકભાઈ જયંતિભાઈ નાગડા (૩) સહસ્ત્ર કુટ જિન મંદિર કુલ ચાર પ્રતિમા : ચીમનલાલ આણંદજી નાગડા તેરા-નાંદેડ હસ્તે દિનેશ ચીમનલાલ નાગડા.

ત્રિહાનિકા મહોત્સવની સાધર્મિક ભક્તિના દાતાશ્રીઓ

મહાસુદ ૪ તા.૧૫ ફેબ્રુઆરી સોમવાર શ્રી પ્રતિકભાઈ હેમંતભાઈ ધુલ્લા તેરા ડોંબિવલી, મહાસુદ ૫ તા.૧૬ ફેબ્રુઆરી મંગળવાર શ્રી પ્રવિણભાઈ ભારમલ લોડાયા શ્રી કેતનભાઈ ભારમલ લોડાયા વડોદરા વિધિકાર શ્રી નિલેશભાઈ દેઢિયા ગઢશીશાવાળાએ પોતાના સુમધુર કંઠે બહુજ સુંદર શૈલી અને ભાવપૂર્ણ રીતે અઢાર અભિષેક અને ધ્વજારોહણ કરાવેલ હતા.

મહોત્સવ દરમ્યાન દેરાસરજીના સાધારણ ખાતાને સધ્ધર કરવા માટે શ્રી શામળીયા દ્વિશતાબ્દી મહોત્સવ સાધારણ ફંડના નામથી નવી પહેલા શરૂ કરવામાં આવેલ. જેમાં સ્થળ ઉપરજ તાત્કાલિક લાખેણા દાતાશ્રી તરીકે ૯ નામ નોંધાયા હતા. આ પ્રસંગે જીવદયાની પણ ટીપ કરવામાં આવેલ હતી.

# ઐતિહાસિક તેરા તીર્થે જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે રંગેચંગે ત્રિહાનિકા મહોત્સવ ઉજવાયો









મહોત્સવનો લાભ લેવા ભુજ, અંજાર, આદિપુર, ગાંધીધામ, અમદાવાદા, વડોદરા, મુંબઈ, નાંદેડ વગેરે દેશ દેશાવરથી ભાવિકો પરિવાર સહિત પધારી ઉત્સવને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમનું સફળતાથી સંચાલન શ્રી કુમારભાઈ દંડએ કર્યું હતું તથા આભારવિધિ શાંતિલાલભાઈ લોડાયાએ કરી હતી. દેરાસરજીના મુખ્ય શિખરોની ત્રણ ધ્વજા તેમજ દેરાસરજીના શણગારના લાભાર્થીઓની આણંદ પરિવાર તેરા તથા શ્રી નાગડા પરિવાર તેરા નાંદેડએ લાભ લીધો હતો. ધ્વજા દિને પેંડાની પ્રભાવના માતુશ્રી માકબાઈ લક્ષ્મીચંદ સોની વાંકુ, પેંડાની પ્રભાવના.











# વિરાર સંઘમાં ચલ પ્રતિષ્ઠા અને જગત નિરંજન ચંદ્રમણિ વિરાલયમનું ઉદ્‌ઘાટન થયું





વિરાર (પૂર્વ) સંઘના પરમાત્મા પાર્ક ખાતે અચલગચ્છાધિપતિ આ.ભ. ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની જન્મ શતાબ્દિ, વિહારધામમાં ચલ પ્રતિષ્ઠા અને જગત નિરંજન ચંદ્રમણિ વિરાલયમના ઉદ્‌ઘાટન પ્રસંગે પ.પૂ.અચલગચ્છનાયક આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ નિશ્રા આપેલ.

આ કાર્યક્રમમાં સંઘના શ્રાવક શ્રાવિકો ઉત્સાહભેર જોડાયા હતા અને આનંદ સભર માહોલમાં જોડાઈ ધન્ય ધન્ય થયા હતા.

## શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન યવતમાળની નવી ટર્મ માટે કાર્યકારિણીની વરણી

તા. ૧૩ ફેબ્રુઆરી શનિવારે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન યવતમાળની યોજાયેલ મિટીંગમાં નવી ટર્મ માટે કાર્યકારિણીના પદાધિકારીઓ સર્વાનુમતે વરાયા. જેમાં પ્રમુખપદે વિક્રમભાઈ નરેન્દ્ર ધરમશી ઉપપ્રમુખ તરીકે અશ્વિનભાઈ ધરમશી મંત્રી પદે લહેરભાઈ નાગડા ખજાનચી તરીકે પૂર્વેશભાઈ લોડાયા તથા મહાસમિતિ પ્રતિનિધિ તરીકે મનિષભાઈ વી. ધરમશી. જ્ઞાતિ મહાજનના પૂર્વ પ્રમુખ દિનેશભાઈ લોડાયાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના કાર્યોને સ્મૃતિમય કરાયા. આભાર દર્શન લહેરભાઈ નાગડાએ કરેલ. મિટીંગ બાદ હાઈ ટીનું આયોજન થયેલ.

## પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.નો ૭૭મો જન્મદિવસ



પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ના ૭૭મા જન્મદિવસની સકળ સંઘ દ્વારા હર્ષ અને આદરપૂર્વક ભાવપૂર્ણ વંદના. કચ્છ ભુજપુર ગામે તેમના દર્શન અને વંદનાર્થે ગુરૂભક્તો જઈ ગુરૂવંદના કરી હતી.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પુષ્ય નક્ષત્ર સામૂદાયિક સિદ્ધચક્ર તથા મહાલક્ષ્મી આરાધનાનો ગુરૂવાર તા. ૨૫ ફેબ્રુઆરીથી પ્રારંભ

સંઘ, સમાજ, ધર્મ સંસ્કારોથી સંસ્કારિત બને, સમૃદ્ધ બને એવી પવિત્ર ભાવનાથી પુષ્ય સાધનાનો પ્રારંભ તા. ૨૫ ફેબ્રુઆરી ગુરૂવારથી અજોડ શાસન પ્રભાવક સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભાશીર્વાદથી જ્યોતિષાચાર્ય, મંત્ર પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાથી દર પુષ્ય નક્ષત્રે સામુદાયિક સિદ્ધચક્ર તથા મહાલક્ષ્મી આરાધનાનો પ્રારંભ થશે.

દર પુષ્ય નક્ષત્રે નીચે આપવામાં આવેલ દિવસે અને સમયે આરાધના થશે જે સાધકો નોંધી લે.

તા. ૨૫ ફેબ્રુઆરી ગુરૂવાર સવારે ૭.૦૫ કલાકે (ગુરૂપુષ્યામૃત સિદ્ધિયોગ), તા. ૨૪ માર્ચ બુધવાર સવારે ૬ કલાકે, તા. ૨૧ એપ્રિલ બુધવાર સવારે ૬ કલાકે, તા. ૧૮ મે મંગળવાર સવારે ૬ કલાકે, તા. ૧૪ જૂન સોમવાર સવારે ૬ કલાકે, તા. ૧૧ જુલાઈ રવિવાર સવારે ૬ કલાકે, તા. ૮ ઓગસ્ટ રવિવાર સવારે ૬ કલાકે, તા. ૪ સપ્ટેમ્બર શનિવાર સવારે ૬ કલાકે, તા. ૧ ઓક્ટોબર શુક્રવારે સવારે ૬ કલાકે (ગુરૂપૂષ્યામૃત સિદ્ધિયોગ), તા. ૨૯ ઓક્ટોબર શુક્રવાર સવારે ૬ કલાકે (ગુરૂપૂષ્યામૃત સિદ્ધિયોગ), તા. ૨૫ નવેમ્બર ગુરૂવાર સવારે ૬ કલાકે (ગુરૂપૂષ્યામૃત સિદ્ધિયોગ), તા. ૨૨ ડિસેમ્બર બુધવાર સવારે ૬ કલાકે, તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ બુધવારે સવારે ૬ કલાકે, તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૨ મંગળવાર સવારે ૬ કલાકે અને તા. ૧૪ માર્ચ સોમવાર સવારે ૬ કલાકે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



લતા ભરત પોલડીયા
તા.૧૫ ફેબ્રુઆરી (ઉ.૫૬)
ડુમરા-મુલુંડ



જયાબેન આર. શાહનંદ
તા.૧૬ ફેબ્રુઆરી (ઉ.૬૨)
ડુમરા-કોઠારા



ચંદ્રેશ પોપટલાલ ધરમશી
તા.૧૬ ફેબ્રુઆરી (ઉ.૫૭)
ગોરખડી-તિલકનગર



મુલચંદ દેવશી ગોસર
તા.૧૭ ફેબ્રુઆરી (ઉ૪૯)
બાયટ-ડોંબિવલી





શરદ શિવજી ધરમશી
તા.૧૭ ફેબ્રુઆરી (ઉ.૫૭)
જશાપર-ડોંબિવલી



સતિશ વાલજી પોલડીયા
તા.૧૮ ફેબ્રુઆરી (ઉ.૭૨)
બાયઠ-મુંબઈ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કોરોના મહામારીના લાંબા વિરામ બાદ પ્રખર રામાયણી સંત પૂ.મોરારી બાપુની રામકથા વાગડના વિખ્યાત યાત્રાધામ વ્રજવાણી ખાતે તા.૧૩ થી ૨૧ ફેબ્રુઆરી સુધી યોજાઈ છે. હાલમાં જ હેલ્લારો ફિલ્મ જે પુષ્ઠ ભૂમિ સાથે સંકળાયેલી એ વ્રજવાણી ગામ ખાતે યોજાનારી આ કથા કોવિડની ગાઈડ લાઈન મુજબ અને આમંત્રિત શ્રોતાઓની મર્યાદિત સંખ્યા વચ્ચે જ યોજાશે. કથા સ્થળે બાકીના શ્રોતાને આવવાનું નહીં રહે. આસ્થા ચેનલ અને ચિત્રકૂટ ધામની યૂટ્યૂબ ચેનલ પર સીધું પ્રસારણ નિહાળી શકાશે.

● કચ્છના અંતરિયાળ ગામડાંની એથ્લીટ બનવા ઈચ્છતી યુવતી પર આધારિત ફિલ્મ 'રશ્મિ રોકેટ'નું કચ્છમાં શૂટિંગ નખત્રાણા તાલુકાના દેવપર ગઢ ગામે થયું. જેમાં અભિનેત્રી તાપસી પન્નુ, પ્રિયાસ પેન્યુલી, સુપ્રિયા પાઠક વિગેરે ભાગ લીધો હતો. ફિલ્મમાં કચ્છના જ કેટલાક કલાકારોને કામ કરવાની તક મળતાં સ્થાનિકે લોકોનો આનંદ બેવડાઈ ગયો હતો.

● અંજાર ખાતે રાજ્યમંત્રી વાસણભાઈ આહીરની ઉપસ્થિતમાં એ.પી.એમ.સી.ના ૪૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામનારી અદ્યતન શાક માર્કેટનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું. આ અદ્યતન શાક માર્કેટ એક મોડેલ શાક માર્કેટ તરીકે ઊભરી આવશે એવી આશા છે. આ શાક માર્કેટમાં ૪૦૦ વેપારીઓનો સમાવેશ થઈ શકશે. સદર માર્કેટ યાર્ડમાં ૧૫૦ મીટરનો ફોર વે રસ્તો બનશે.

● દર વર્ષે રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા આયોજિત યુવક મહોત્સવમાં આ વખતે શાસ્ત્રીય કંઠ્ય સંગીત સ્પર્ધામાં રાજ્યકક્ષાએ આદિપુરનો યુવા કલાકાર દક્ષ છાયા શાસ્ત્રીય ગાયન સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમાંકે આવ્યો. સ્પર્ધામાં વિજેતા દક્ષ છાયાએ રાગ ચંદ્રકૌસ રજૂ કરેલ. હવે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર હોનહાર ગાયકને યુવા કલાકારોએ બિરદાવ્યો હતો.

● નખત્રાણા તાલુકાના રોહા વિસ્તારમાં રોહા કિલ્લાની બે કિલો મીટરની ત્રિજ્યામાં આવતા સર્વે નં.૯ થી ૩૮૨ને મોર સંરક્ષણ વિસ્તાર જણાવી અત્રે ખાનગી કે સરકારી સર્વે નંબરમાં પવનચક્કી સ્થાપવા પર રોક લગાવી છે. ભુજ નખત્રાણાની સરહદના આ ગામમાં મોર નિવા સ્થાન ગણવી મોર કે ટેલના મૃત્યુ થતાં અટકાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

● આજે માનવીની નિયત બગડી ગઈ છે એના કિસ્સા છાશવારે ઘટે છે. તેની વિરૂધ્ધ વાગડના ગેડી ગામના મહેનતકશ ખેડૂતનો કિસ્સો ખારા રણમાં મીઠી વીરડી સમાન બની રહે એવો છે. આ સાધારણ ખેડૂત પોતાની ખેત પેદાશ ઊંઝા માર્કેટ યાર્ડમાં વહેંચવા લઈ ગયા. ભાવતાલ સમજી રોકડ રકમ ઘરે લઈ આવ્યા. હિસાબનો કાગળ સામે રાખી ઘરે નિરાંતે હિસાબ કરવા બેઠા વધુ ભણતર ન હોવા છતાં ત્રણ વાર રકમ ચેક કરતાં ૪૫ હજાર રૂપિયા વધુ આવ્યાની ખબર પડી. વેપારીને ફોન કર્યો ને કહ્યું મારા હિસાબમાં કાંઈક વધઘટ થાય છે ત્યારે વેપારીએ સામે જણાવ્યું કે બે દિવસથી ૪૫ હજારની ઘટ પડે છે કોને અપાઈ ગયા છે તે ખબર નથી પડતી. ત્યારે આ શ્રમજીવી કિસાને શેઠને જણાવ્યું કે રૂ.૪૫ હજાર મને જ વધુ આવી ગયા છે જે વહેલી સવારે જ સથવારા જોગ મોકલી આપું છું. કલયુગમાં પરધનને પથ્થર સમજનાર આ પ્રામાણિક કૃષિકારને વેપારીએ કાંઈક ભેટ સ્વીકારવા વિનંતી કરી પણ એ માટે પણ તેણે નન્નો ભણી દીધો.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

Plan the present, secure the future.

**Get a Family Insurance!**



insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com ♦ 9004999900

**# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.**

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO